| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૫/૦૮/૨૦૨૦ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૩૯/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૬૫ | ૦ | ૧૦૩૬૫ | ૧૬૪૫૫ | ૦ | ૧૬૪૫૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૭ | ૦ | ૪૩૩૭ | ૫૮૫૨ | ૦ | ૫૮૫૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૫ | ૦ | ૪૫ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૭૩ | ૦ | ૧૪૦૭૩ | ૧૪૭૨૩ | ૦ | ૧૪૭૨૩ |
| | કુલ | ૨૮૮૨૦ | ૦ | ૨૮૮૨૦ | ૩૭૨૪૪ | ૦ | ૩૭૨૪૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૭ | ૭,૫૬,૫૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૯ | ૮૯,000/- |

# <u>ગુમ/અપહરણના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>ક્રાઇમ બ્રાંચ :</u>**

**<u>(૧)</u>**

## <u>શહેરકોટડા જી.સી.એસ કોલેજ ના ફુટપાથ પાસેથી અપહરણ થયેલ ૫ વર્ષના બાળકને શોધી કાઢી અપહરણ ના ગુન્હાનો ભેદ ઉકેલી નાખતી અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચ</u>

ગઇ તા.૨૨/૦૮/૨૦૨૦ નારોજ શહેરકોટડા જી.સી.એસ. કોલેજ ની ફુટપાથ પાસેથી ત્રણ થી ચાર ઇસમોએ ફોરવ્હીલ ગાડીમાં આવી ૫ વર્ષના બાળકનુ અપહરણ કર્યા અંગેનો ગુન્હો શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ. જેથી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નર શ્રી અમિતકુમાર વિશ્વકર્મા તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દિપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ નાઓએ અપહરણ ના ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ ગુન્હામાં ભોગ બનનાર બાળકને સાવચેતી પુર્વક શોધી કાઢી અપહરણ કરનાર ઇસમોને શોધી કાઢવા સારુ સુચના આપેલ. જેથી એન્ટી ઓર્ગેનાઇઝ સ્કોડના પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.પી.રોજીયા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. શ્રી આઇ.એસ.રબારી તથા પો.સ.ઇ. શ્રી એસ.બી.દેસાઇ. તેમજ સ્કોડના માણસો સાથે ગુન્હાવાળી જગ્યાની વિઝીટ કરી ગુન્હો શોધી કાઢવા સારૂ તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

તે દરમ્યાન ગુન્હાવાળી જગ્યા તેમજ આજુ-બાજુ ની જગ્યાએ તપાસ કરી સ્ટાફના માણસોને બનાવ સમય દરમ્યાનના સી.સી.ટી.વી. ફુટેજો મેળવવા સારૂ તપાસ હાથ ધરવામાં આવેલ અને ફરીયાદીશ્રી તેમજ સાહેદનો સંપર્ક કરવા તજવીજ કરતા ફરિયાદીશ્રી ની ફરિયાદ બાબતે કોઇ સુસંગત હકીકત કે જરૂરી પુરાવા મળતા ન હોય ફરીયાદી શ્રી આરતીબેન વા/ઓ અજયભાઇ કચરાજી ઠાકોર(રાવળ) ઉવ.૪૦ રહે:- વોરાના રોજાના દરવાજા સામે આવેલ કુત્બીમજાર બસ સ્ટેન્ડની બાજુમાં જી.સી.એસ. હોસ્પીટલના કોટની ફુટપાથ ઉપર અમદુપુરા અમદાવાદ શહેર નાઓને તેના પતિ અજય ઉર્ફે ટીનીયા શકરાજી રાવળની સાથે અત્રે ક્રાઇમ બ્રાંચની કચેરી ખાતે લાવવામાં આવેલ. બાદ પો.સ.ઇ. શ્રી આઇ.એસ.રબારી તથા સ્કોડના માણસો દ્વારા આગવી ઢબ થી વધુમાં પુછપરછ કરતા ફરીયાદીશ્રીએ હાલના પતિ અજય રાવળ પહેલા તેઓના ભાઇ મુકેશ કચરાજી રાવળ તથા રાકેશભાઇ રમેશભાઇ પાટીલ ની સાથે લગ્ન કરેલા હોવાની હકિકત ધ્યાને આવેલ. જેમાં અપહરણ થયેલ બાળક તેના બીજા લગ્નના પતિ મુકેશ રાવળનુ સંતાન છે અને તેના પિતા મુકેશ રાવળ મણિનગર રેલ્વે સ્ટેશન સામે રોડ ની ફુટપાથ તથા ઘોડાસર ખાતે સ્મૃતિ મંદિરની પાછળ આવેલ મંગલદીપ/આલોક સોસા ખાતે રહેતો હોવાની હકિકત જણાવેલ.

જેથી તાત્કાલિક ફરિયાદીશ્રી ને સાથે રાખી સ્ટાફના માણસો સાથે મણિનગર રેલ્વે સ્ટેશન સામે તથા ઘોડાસર સ્મૃતિ મંદિર પાછળ મંગલદીપ/આલોક સોસાયટી પાસે તપાસ તજવીજ કરતા ફરિના અગાઉના પતિ મુકેશ ઉર્ફે ટોપી S/O કચરાજી જાતે:-રાવળ ઉવ.૩૩ રહે:- મંગલદીપ/આલોક સોસા, સ્મૃતિ મંદીરની પાછળ, ઘોડાસર અમદાવાદ શહેર નાનો અપહરણ માં ભોગ બનેલ બાળક સાથે મળી આવેલ જેને પુછપરછ કરતા પોતે ચાર વર્ષ પહેલા ફરિયાદી સાથે લગ્ન કરેલ અને તેના થકી સંતાનમાં બે બાળકો પ્રવિણ ઉવ.૫ અને ભરત ઉવ.૨ ના છે. જે ચારેક મહિના પહેલા ઝઘડો થતા પોતાની પત્નિ બાળકો લઇને પોતાના ભાઇ અજય ઉર્ફે ટીનીયા સાથે ભાગી ગયેલ બાદ પોતાની પત્નિ ને શોધખોળ કરતો હતો દરમ્યાન જાણવા મળેલ કે તેની પત્નિ અને બાળકો અમદુપુરા જી.સી.એસ કોલેજ પાસે રહે છે. જેથી આઠેક દિવસ પહેલા પોતે અમદુપુરા ખાતે ગયેલ અને પોતાના દિકરા પ્રવિણને લઇ આવેલ હોવાની હકિકત જણાવેલ છે. જેથી સદરી બાબતે શહેરકોટડા પોલીસ સ્ટેશન પાર્ટ એ-ગુ.ર.નં ૧૧૧૯૧૦૭૪૧૨૦૦૮૪૬/૨૦૨૦ ઇપીકો કલમ ૩૬૩ મુજબનો નોંધાયેલ ગુન્હાનો ભેદ ઉકેલી કાઢવામા આવેલ છે અને ભોગ બનનાર બાળક તેની માતા ને સોંપવામા આવેલ છે અને બાળક નુ અપહરણ કરનાર મુકેશ ઉર્ફે ટોપી કચરાજી રાવળ નાને શહેરકોટડા પોલીસ સ્ટેશન ગુન્હાની તપાસના કામે સોંપવા સારુ તજવીજ કરવામાં આવેલ છે.




## આસ્ટોડીયા ખાતે થી અપહરણ થયેલ સગીર બાળાને શોધી કાઢી ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ના અપહરણ ના ગુન્હાનો ભેદ ઉકેલી નાખતી અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચ

ગઇ તા.૨૩/૮/૨૦૨૦ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન પાર્ટ એ-ગુ.ર.નં ૧૧૧૯૧૦૨૧૨૦૦૫૭૩/૨૦૨૦ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬ મુજબનો ગુન્હો નોંધાયેલ જેમા ફરિયાદીશ્રી નાઓની દિકરી ઉવ.૧૭ વર્ષ ૨૩ દિવસ નાની તા.૨૨/૦૮/૨૦૨૦ ના સાજના આશરે છએક વાગ્યાના સુમારે ફરિશ્રીના ઘરેથી તેની બહેનપણી સાથે પકોડી ખાવા જાઉ છુ તેમ કહી નીકળેલ ત્યારબાદ ઘરે પરત આવેલ નહી જે ફરિશ્રી ની દિકરીને કોઇ ઇસમ ફરીશ્રીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી લગ્ન કરવાના તેમજ જાર કામ કરવાના ઇરાદે કોઇ અજાણ્યા ઇસમે ફરીશ્રીની દિકરીનુ અપહરણ કરી લઇ ગયેલ હોય જે બાબતે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ઉપરોકત ગુન્હો નોંધાયેલ જેથી **અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નર શ્રી અમિતકુમાર વિશ્વકર્મા તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દિપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ** નાઓએ અપહરણ ના ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ ગુન્હામાં ભોગ બનનાર કિશોર બાળા ને તથા અપહરણ કરનાર ઇસમને શોધી કાઢવા સારુ સુચના આપેલ. જેથી એન્ટી ઓર્ગેનાઇઝ સ્કોડના **પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.પી.રોજીયા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. શ્રી આઇ.એસ.રબારી તથા પો.સ.ઇ. શ્રી એસ.બી.દેસાઇ.** તેમજ સ્કોડના માણસો સાથે ગુન્હાવાળી જગ્યાની વિઝીટ કરી ગુન્હો શોધી કાઢવા સારૂ તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

તે દરમ્યાન સ્કોડ ના માણસો દ્વારા મેળવેલ માહિતી તથા ટેકનીકલ એનાલીસીસ આધારે કિશોર બાળા ની તપાસ તજવીજ કરતા સદરી કિશોરવય ની બાળા એલિસબ્રિજ નીચે સાબરમતી રિવર ફ્રન્ટ રોડ ની ફુટપાથ ખાતે હોવાની હકીકત મળતા વુમન કોન્સ્ટેબલ તથા બીજા સ્ટાફના માણસોને સાથે રાખી તપાસ કરતા કીશોરવય ની બાળા મળી આવતા તેના વાલી વારસ નો સંપર્ક કરી બોલાવતા તેમના પિતા નાઓ આવતા તેમની હાજરીમા પ્રાથમિક પુછપરછ કરતા સદરી કિશોરવય ની બાળાએ જણાવેલ કે પોતાના ઘરે પકોડી ખાવા જવાનુ કહી પોતાની બહેનપણી સાથે ફરવા ગયેલ અને મોડુ થઇ જતા પોતાના ભાઇ તથા માતાપિતા ગુસ્સે થઇ જશે તેવા ડરથી ઘરે આવેલ નહી અને આજરોજ પોતે સાબરમતી રીવરફ્રન્ટ ખાતે બેસી રહેલ હોવાની હકીકત જણાવેલ છે અને સદરી બાબતે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન પાર્ટ એ-ગુ.ર.નં ૧૧૧૯૧૦૨૧૨૦૦૫૭૩/૨૦૨૦ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬ **મુજબનો નોંધાયેલ ગુન્હાનો ભેદ ઉકેલી કાઢવામા આવેલ છે અને** ભોગ બનનાર કિશોરીને તેના વાલી સાથે રાખી ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ના ગુન્હાની તપાસ ના કામે સોંપવા સારુ તજવીજ કરવામા આવેલ છે

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ઇસનપુર પોલીસ સ્ટેશન :**

## ઇસનપુર પોલીસ સ્ટેશનના ચેઇન સ્નેચીંગનો એક ગુનો તથા મણીનગર પોલીસ સ્ટેશનનો ચેઇન સ્નેચીંગનો એક ગુનો મળી ચેઇન સ્નેચીંગના કુલ-૦૨ ગુના શોધી કાઢી મુદ્દામાલ રીકવર કરતી ઇસનપુર પોલીસ

ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૧૨૮૭/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)૩,૧૧૪ મુજબના કામના ફરીયાદી જીતેન્દ્રભાઇ રણછોડભાઇ સોની ઉ.વ ૫૦ રહે સી/૧/૩૦૨ કર્ણાવતી એપાર્ટમેન્ટ વિભાગ-૩ માનસી સોસાયતીની બાજુમા ભૈરવનાથ રોડ ઇસનપુર અમદાવાદ શહેરનાઓની ફરીયાદના કામે ગઇ તા.૨૦/૦૮/૨૦૨૦ ના રોજ સવારના સવા આઠેક વાગ્યાની આસપાસ ફરીયાદી વોકીગ કરતા કરતા ઇસનપુર કેનાલ રોડ શિવમ સોસાયટી પાસે જાહેર રોડ ઉપર આવતા તે વખતે ફરીયાદીની પાછળથી એક કાળા કલરની હોન્ડા સાઇન મો.સા ઉપર બે ઇસમો જેમણે મોઢા ઉપર રૂમાલ બાધેલ હતા અને આશરે વીસથી પચીસ વર્ષની ઉમરના આશરાના હતા તેઓએ ફરીયાદીની બાજુમા મો.સા લઇ મોટર સાયકલની પાછળ બેસેલ ઇસમે ફરીયાદીના ગલામા હાથ નાખી ફરીયાદીએ પેહરેલ આશરે સાડા ચાર તોલાની હેન્ડમેડ બ્લેડ ડીઝાઇનની ચેન જેમા ઓમ ગણપતિના ચિત્ર વાળુ ગોળ ડાયમન્ડ વાળુ પેડલ હતુ તે પેન્ડલ સાથેની ચેન જેની હાલની કિ.રૂ ૨,૨૫,૦૦૦/-ની મત્તાની ખેચી તોડી પુર ઝડપે પોતાની મો.સા ઉપર સુર્યનગર ચોકી તરફ ભાગી ગયેલ

સદર ગુનો દાખલ થયા બાદ મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી મિલ્કત સબંધી ચેઇન સ્નેચીંગના ગુનાઓ શોધી કાઢવા સુચના આપતા જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ નાઓના સીધા માર્ગ દર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઇ પી.આર.ચાવડાનાઓએ સર્વેલન્સ સ્કોડના માણસોની જુદી-જુદી ટીમો બનાવી બનાવવાળી જગ્યાની આસપાસના સી.સી.ટી.વી કુટેજ ચેક કરી મો.સા ઉપર ચેઇન સ્નેચીંગ કરવા માટે આવેલ આરોપીઓ મો.સા લઇને આવેલ તે બેક રૂટ તથા સ્નેચીંગ કરીને ભાગેલ તે રૂટના સી.સી.ટી.વી કુટેજ ચેક કરતા જેમા મો.સા ઉપર પાછળ બેઠેલ ઇસમની ઓળખ થતા તે બલુ માસ્ટરનુ ડેલુ પંડીત નેહરૂ સ્કુલની સામે બેહરામપુરા અમદાવાદ શહેર ખાતે રહેતો નવીન ઉર્ફે ગડો બાબુભાઇ પરમાર હોવાનુ જાણવા મળેલ અને રૂટ ઉપરના સી,સી,ટી,વી કુટેજ ચેક કરતા એક કુટેજમા મો.સા હોન્ડા સાઇન નંબર જી.જે ૨૭ સી.એ ૪૬૫૮ ની હોવાનુ જાણવા મળેલ તેઓની તપાસમા હતા દરમ્યાનમા ગઇ તા ૨૨/૦૮/૨૦૨૦ ના કલાક ૨૦/૧૫ વાગે ઇસનપુર ચાર રસ્તા ખાતેથી બે આરોપીઓ (૦૧) નવીન ઉર્ફે ગડો સ/ઓ બાબુભાઇ નરસિહભાઇ પરમાર ઉ.વ ૨૪ રહે મ.ન ૧૮

બલુ માસ્ટરનુ ડેલુ પંડીત નેહરૂ સ્કુલની સામે બેહરામપુરા અમદાવાદ શહેર તથા (૦૨) કિરણ સ/ઓ વિરમભાઇ ટાપાભાઇ વાઘેલા ઉ.વ ૨૭ રહે મ.ન ૨૩ બલુ માસ્ટરનુ ડેલુ પંડિત નેહરૂ સ્કુલ સામે બેહરામપુરા અમદાવાદ શહેર નાઓને ઉપરોક્ત ગુનામા ગયેલ સોનાની પેન્ડલ સાથેની ચેઇન ૪.૦૮૦ ગ્રામની જેની કિંમત રૂપિયા ૨,૨૫,૦૦૦/-તથા ગુનો કરવામા વાપરેલ એક હોન્ડા સાઇન મો.સા કિંમત રૂપિયા ૪૫,૦૦૦/-ની મળી કુલ કુલ કિંમત રૂપિયા ૨,૭૦,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડવામા આવેલ અને સદરી આરોપીઓએ પુછપરછ દરમ્યાનમા તા ૦૬/૦૮/૨૦૨૦ ના સવારના એક ઇસમ ચાલતો મણીનગર અરવિંગ પાર્ક સોસાયટીની આગળથી જતો હતો તેના ગળામાથી ખેચી તોડી લઇ ગયેલ હોવાની કબુલાત કરતા જે ચેઇન એક સોનાની ૮.૦૪૪ ગ્રામ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-ની તથા ગુનામા વાપરેલ મો.સા મળી કુલ રૂપિયા ૨,૯૦,૦૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી આરોપીઓનો કોરોના રીપોર્ટ કરાવી તા ૨૪/૦૮/૨૦૨૦ ના કલાક ૨૦/૩૦ વાગે ગુનામા અટક કરી ઇસનપુર પોલીસ સ્ટેશનના ચેઇન સ્નેચીંગના એક ગુનો તથા મણીનગર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૦૬૨૯/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)૩,૧૧૪ મુજબનો ચેઇન સ્નેચીંગનો એક ગુનો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે તા ૨૫/૦૮/૨૦૨૦

<u>શોધાયેલ ગુના;-</u>

(૧)ઇસનપુર પો.સ્ટે.ગુના પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૧૨૮૭/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)૩,૧૧૪
(૨)મણીનગર પો.સ્ટે.ગુનાપાર્ટ-એ-૧૧૧૯૧૦૩૨૨૦૦૬૨૯/૨૦૨૦ ઇ.પી.કોકલમ ૩૭૯(એ)૩,૧૧૪

<u>આ કામગીરી કરનાર ટીમ</u>

(૧) જે.એમ.સોલંકી સીનીયર પોલીસ ઇન્સપેકટર (૨) કે.બી.સાંખલા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર (૩) એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ (૪) અ.હેડ.કોન્સ જાકીરખાન મહેબુબખાન (૫) અ.હેડ.કોન્સ મો.અશરફ ઇસ્માઇલભાઇ (૬) અ.હેડ.કોન્સ સુરેશકુમાર જીવણભાઇ (૭) લોકરક્ષક સચિન નારણભાઇ (૮) લોકરક્ષક પ્રસાંત મોતીલાલ (૯) અ.હેડ.કોન્સ કુલદિપસિહ હરૂભા (૧૦) લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા (૧૧) અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ (૧૨) અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ (૧૩) અ.પો.કો માનસંગભાઇ ગફલભાઇ (૧૪) અ.પો.કો વિજયસિહ બાબુભાઇ (૧૫)અ.પો.કો દેવેન્દ્રસિહ વેલુભા (૧૬) લોકરક્ષક મયુરસિહ રમેશભાઇ (૧૭) લોકરક્ષક રોહીતસિહ નટુભા (૧૮) લોકરક્ષક મહાવીરસિહ રણજીતસિહ (૧૯) લોકરક્ષક લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ :**

**(૧)**

## આંગડીયા પેઢીમાંથી રૂપિયા લઇને નીકળતા માણસોને વાહન ઉભુ રખાવી અકસ્માત કર્યો છે તેમ કહી ઝઘડો કરી ડેકી માંથી રોકડા રૂપિયા ચોરી કરનાર અને દિલ્હી શહેરમા ૨૫ લાખની ચોરી ના નાસતા ફરતા મુખ્ય આરોપીને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નર શ્રી અમિતકુમાર વિશ્વકર્મા તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દિપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ નાઓએ અમદાવાદ શહેરમા બનતા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ ગુન્હાઓમાં સંડોવાયેલ આરોપીઓ શોધી કાઢવા સારુ સુચના આપવામા આવેલ જેથી ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.પી.રોજીયા નાઓના માર્ગદર્શન અને સુચના આધારે પો.સ.ઇ.શ્રી આઇ.એસ.રબારી તથા પો.સ.ઇ.શ્રી એસ.બી.દેસાઇ નાઓ તથા સ્કોડ ના માણસો ને મળેલ બાતમી હકીકત આધારે આરોપી નકુલ ઉર્ફે નકુલસિંગ ઠાકુર S/O રાજુભાઇ જાતે તમંચે (છારા) ઉવ. ૩૧, રહે. સિંગલ ચાલી, છારાનગર, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ શહેર નાને તા.૨૩/૦૮/૨૦૨૦ ના રોજ ઝડપી લીધેલ છે

આરોપીએ પુછપરછ દરમ્યાન જણાવેલ છે કે પોતાના સાગરીતો સાથે મળી ટોળકી બનાવી દોઢ બે મહિના માં નીચે મુજબની ચોરીઓ કરેલ હોવાની તથા નાસતો ફરતો હોવાની કબુલાત કરેલ છે

(૧) દિલ્હી શહેરના સરાઇ રોહીલ્લા વિસ્તારમાં શાસ્ત્રી નગર મેટ્રો સ્ટેશન પાસેથી રૂ.૨૫ લાખની ચોરી કરેલ છે
(૨) દિલ્હી શહેર ના ચાંદની ચોક વિસ્તારમાં એક લાખ રૂપિયા ની ચોરી કરેલ છે
(૩) દિલ્હી ના ગાંધીનગર વિસ્તારમાં દોઢ લાખ રૂપિયા ની ચોરી કરેલ છે
(૪) નવી દિલ્હી પહાડગંજ વિસ્તારમાંથી સાડા ચાર લાખ રૂપિયા ની ચોરી કરેલ છે
(૫) દિલ્હી ઇન્દ્રલોક મેટ્રો સ્ટેશન પાછળ ત્રણ લાખ રૂપિયાની ચોરી કરેલ છે

ઉપરોકત કબુલાત આધારે ખાત્રી તપાસ કરતા પકડાયેલ આરોપી દિલ્હી સરાઇ રોહીલ્લા પોલીસ સ્ટેશન ના । ગુ.ર.નં 246/2020 ઇ.પી.કો કલમ 379, 34 મુજબ ના ગુન્હામા નાસતો ફરતો હોવાનુ જણાય આવેલ છે તેમજ અન્ય ગુન્હાઓની તપાસ તજવીજ ચાલુ છે.

## આરોપીની મોડસ ઓપરેન્ડસી:-

પોતે પોતાના સાગરીતો સાથે ભેગા મળી ટોળકી બનાવી બાઇકો અને એકટીવા લઇને જુદા જુદા શહેરમા ચોરી કરવા જાય છે અને આંગડીયા પેઢીઓ હોય તેવા વિસ્તારમા વોચ રાખી જે માણસ રૂપિયા ભરેલ બેગ કે થેલી લઇને બહાર આવી એકટીવા કે બાઇક જેવા વાહનમા બેસી નીકળે ત્યારે તેનુ વાહન ઉભુ રખાવી તમોએ અકસ્માત કરેલ છે તેમ કહી તેની સાથે બોલાચાલી ઝઘડો કરી તેનુ ધ્યાન ભટકાવી તેની પાસેના વાહનની ડેકીનુ લોક ડીસમીસ થી ખોલી ડેકીમાંથી રૂપિયા ભરેલ થેલી કે બેગ લઇને ભાગી જાય છે અને ચોરી કરી લીધા પછી ચોરીમા ઉપયોગમા લીધેલ બાઇક કે વાહનો ટ્રાન્સ્પોર્ટ મા મોકલાવી પોતે ટ્રેન કે બસ મા બેસી પરત આવી જાય છે

## આરોપીનો ગુનાહીત ઇતિહાસ:-

(૧) સને-૨૦૦૯ માં શહેરકોટડા પોલીસ સ્ટેશન
(૨) સને-૨૦૦૯ માં એલિસબ્રિજ પોલીસ સ્ટેશન
(૩) સને-૨૦૧૪ માં નવરંગપુરા પોલીસ સ્ટેશન
(૪) સને-૨૦૧૪ માં ઓઢવ પોલીસ સ્ટેશન
(૫) સને-૨૦૧૧ માં કાગડાપીઠ પોલીસ સ્ટેશન
(૬) સને-૨૦૧૫ માં માધુપુરા પોલીસ સ્ટેશન
(૭) ત્રણેક વર્ષ પહેલા મહેસાણા અને આણંદ ટાઉન પોલીસ સ્ટેશન માં પકડાયેલ છે
(૮) દસ-બાર વર્ષ પહેલા સરદારનગર પોલીસ સ્ટેશન , અમરાઇવાડી પોલીસ સ્ટેશન, માધુપુરા પોલીસ સ્ટેશન માં પ્રોહીબીશન એકટ મુજબના ૫ થી વધુ ગુન્હાઓમા પકડાયેલ છે
(૯) એક વાર જામનગર જેલમા પાસા અટકાયત થયેલ છે.



**ક્રાઇમબ્રાંચ :**

## મણિનગર પોલીસ સ્ટેશન ના બાળ અપહરણ ના ગુન્હાના પેરોલ જમ્પ થયેલ પાકા કામનો કેદી ફારુક ઉર્ફે ટેણી ને ઝડપી રાહદારીઓ ને અકસ્માત ના બહાને ખિસ્સામાંથી રૂપિયા ના બંડલો ચોરી કરવાના ૩ થી વધુ વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢતી અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચ

ગઇ તા.૧૪/૦૮/૨૦૨૦ તથા તા.૧૦/૦૮/૨૦૨૦ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાહદારીને ઉભા રખાવી અકસ્માત કેમ કર્યો હતો, મારા છોકરા સાથે ઝઘડો કેમ કર્યો હતો તેમ કહી બોલાચાલી કરી વાતોમા રાખી રાહદારીના ખિસ્સામાંથી ૫૦ હજાર થી વધુ રૂપિયા કાઢી લેવાના બનાવો બનેલ જેથી **અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નર શ્રી અમિતકુમાર વિશ્વકર્મા તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દિપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ** નાઓએ ઉપરોકત ગુન્હાઓના આરોપીને શોધી કાઢવા સુચના આપેલ દરમ્યાન ક્રાઇમ બ્રાંચના **પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.પી.રોજીયા નાઓના માર્ગદર્શન અને સુચના આધારે પો.સ.ઇ.શ્રી આઇ.એસ.રબારી તથા પો.સ.ઇ.શ્રી એસ.બી.દેસાઇ** તથા સ્કોડ ના માણસો દ્વારા ગુન્હાની વિઝીટ કરી સી.સી.ટીવી ફુટેજ મા મળી આવેલ શંકાસ્પદ ફોટા આધારે ઓળખ કરી આરોપી **ફારૂક ઉર્ફે ટેણી S/O હાજીમોહમંદ જાતે છીપા ઉવ.૪૨ રહે. છીપા સોસા, નગમાનગરની બાજુમાં રહેમતનગર, દાણીલીમડા અમદાવાદ શહેર તથા તારની શેરી, પાંચપીપળી પોલીસ ચોકી છીપાવાડ જમાલપુર અમદાવાદ શહેર નાને આજરોજ તા.૨૪/૦૮/૨૦૨૦ ના રોજ ઝડપી લેવામા આવેલ છે અને પકડાયેલ આરોપી પાસેથી રોકડા રૂ.૩૪,૦૦૦/- તથા ગુન્હામા ઉપયોગમા લીધેલ એકસેસ ગાડી કિં.રૂ.૬૦,૦૦૦/- ની કબ્જે લેવામા આવેલ છે**

પકડાયેલ આરોપી ની પુછપરછ કરતા પોતે સને-૨૦૦૨ માં મણિનગર વિસ્તારમાં તથા સુરત નાંદેર ખાતે બાળકના અપહરણ કરી ખંડણી વસુલ કરવાના ગુન્હાઓમાં પકડાયેલ જે પૈકી મણિનગર પોલીસ સ્ટેશન ના અપહરણ ના કેસમા પોતાને આજીવન કેદ ની સજા થયેલ અને છેલ્લા દસેક મહિનાથી વડોદરા શહેર જેલમાં ટ્રાન્સફર કરવામા આવેલ બાદ **આંઠેક મહિના પહેલા પોતે પેરોલ ફર્લો રજા ઉપર છુટી પેરોલ જમ્પ થયેલ બાદ** પોતે અમદાવાદ શહેર મા આવેલ અને વટવા સદભાવના નગર ઔડાના ખાલી મકાન મા રહેતો હતો. જેને ચોરી કરવા માટે પોતાના પાડોશી ના નામે લોનથી એકસેસ ગાડી ખરીદ કરેલ છે અને તે એકસેસ ગાડીનો ઉપયોગ કરી અમદાવાદ શહેર મા જુદા જુદા વિસ્તારોમા જઇ રસ્તામા રાહદારીઓ ને ઉભા રખાવી તમે ગઇ કાલે મારા દિકરા સાથે ઝઘડો કેમ કર્યો હતો, અકસ્માત કેમ કર્યો હતો,

મગજમારી કેમ કરો છે તેવી રીતે વાતો કરી બોલાચાલી કરી તેમના ખિસ્સામાંથી રૂપિયા તથા પાકીટ ની ચોરી કરેલ છે. જે પૈકી (૧) આંઠેક દિવસ પહેલા નવાનરોડા મેવાડા ગ્રીન પાર્ટી પ્લોટ પાસેથી ૬૦ હજાર રૂપિયા ની ચોરી કરેલ છે. (૨) દસેક દિવસ પહેલા સૈજપુર જી.ડી. સ્કુલ પાસે નરોડા રોડ ખાતે એક ભાઇના ૫૦ હજાર રૂપિયા ચોરી કરેલ છે (૩) ત્રણેક મહિના પહેલા ઓઢવ ભિક્ષુક ગૃહ પાસે એક એકટીવા ચાલક ભાઇ ના ૪૦ હજાર રૂપિયા ચોરી કરેલ છે. (૪) અસલાલી લાંભા રોડ ઉપર એક ઢાબા પાસેથી ટ્રક ડ્રાઇવર નુ પર્સ ચોરી કરેલ છે. (૫) દોઢ બે મહિના પહેલા ઇસનપુર કેડીલા બ્રિજ ના છેડે એક બાઇક ચાલક ના અઢાર હજાર રૂપિયા ચોરી કરેલ છે તેમજ એકસેસ ગાડીથી પોતાની ઓળખ ન થઇ જાય તે માટે પોતે ગુન્હામા ઉપયોગમા લીધેલ બ્લ્યુ કલરની એકસેસ ગાડીનો કલર બદલાવી બ્લેક કલર કરાવી લીધેલ હોવાની કબુલાત કરેલ છે

ઉપરોકત કબુલાત આધારે નીચે મુજબના ગુન્હાઓ શોધી કાઢવામા આવેલ છે તેમજ ઉપરોકત ગુન્હાઓ સિવાય અન્ય ગુન્હાઓ સબંધે પો.સ.ઇ. શ્રી એસ.બી.દેસાઇ નાઓ તપાસ તજવીજ હાથ ધરેલ છે

(૧) **કૃષ્ણનગર પોલીસ સ્ટેશન** પાર્ટ-A ૧૧૧૯૧૦૧૩૨૦૨૦૯૧/૨૦ ઇપીકો કલમ ૩૭૯

(૨) **કૃષ્ણનગર પોલીસ સ્ટેશન** પાર્ટ-A ૧૧૧૯૧૦૧૩૨૦૨૧૦૯/૨૦ ઇપીકો કલમ ૩૭૯

(૩) **ઓઢવ પોલીસ સ્ટેશન** પાર્ટ-A ૧૧૧૯૧૦૩૭૨૦૦૬૧૮/૨૦ ઇપીકો કલમ ૩૭૯

(૪) **વડોદરા સેન્ટ્રલ જેલમાંથી પેરોલ ફર્લો જમ્પ**

**આરોપીની મોડસ ઓપરેન્ડસી :-**

પકડાયેલ આરોપી રાહદારી ના ખિસ્સામાં રૂપિયા રાખેલ છે તેનો અંદાજો લગાવી લે છે. અને રસ્તે જતા વાહન ચાલકોના કે એકલામા કામ કરતા માણસ ના ખિસ્સામા નજર કરી તેમા પૈસા હોવાનો અંદાજ લગાવી તેમની પાસે જઇ ગઇ કાલે **તમે કેમ એકસીડેન્ટ કર્યુ હતુ , મારા છોકરા સાથે કેમ ઝઘડો કર્યો હતો અથવા તમે અગાઉ અહીયા મગજમારી કેમ કરી હતી તેવા બહાના કાઢી** બોલાચાલી કરી તેમને વાતોમા રાખી તેમના હાથ કે પગ પકડી લઇ તેમનુ ધ્યાન ભટકાવી ખિસ્સામાંથી પૈસા કે પાકીટ કાઢી લે છે.

## આરોપીનો ગુનાહીત ઇતિહાસ:-

(૧) પકડાયેલ આરોપી અગાઉ સને-૨૦૦૨ માં મણિનગર પોલીસ સ્ટેશન માં વેપારીના બાળકનુ અપહરણ કરી ખંડણી લેવાના કેસમા પકડાયેલ જે કેસમા આજીવન કેદની સજા થયેલ છે

(૨) સને-૨૦૦૨ માં સુરત નાંદેર પોલીસ સ્ટેશન માં વેપારીનુ અપહર કરી ખંડણી માંગવાના કેસમા પકડાયેલ છે

(૩) સને-૧૯૯૪ માં ૨૦૦૨ સુધી ગાયકવાડ હવેલી, એલીસબ્રીજ, નવરંગપુરા, નારણપુરા, કાગડાપીઠ, દાણીલીમડા, મણીનગર, વેજલપુર, વટવા પોલીસ સ્ટેશનમાં ચોરીના ૧૫ ગુન્હાઓમાં પકડાયેલ છે

(૪) એક વાર જામનગર જેલમાં પાસા થયેલ છે.

(૫) આજીવન કેદની સજામાં અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલ તથા સુરત જેલ તથા ભુજ પાલારા જેલ અને વડોદરા સેન્ટ્રલ જેલમાં કેદી તરીકે રાખવામા આવેલ છે.



## નારોલ પોલીસ સ્ટેશન :

## વોન્ટેડ આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે.સંજય શ્રીવાસ્તવ સાહેબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા ગૌતમ પરમાર સાહેબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા એ.એમ.મુનીયા સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મિલાપ પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન તેમજ સુચના આધારે નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા રાખેલ ડ્રાઈવ સબંધે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન મસઈ નેભાભાઈ મેરામણભાઈ બ.નં.૭૮૦૭ નાઓને બાતમી મળેલ કે " નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં.૦૦૦૯૬A૧૯ ધી ઈપીકો કલમ ૨૭૮, ૨૮૪, ૧૧૪ મુજબના ગુનાના કામના વોન્ટેડ આરોપી ગોપાલભાઈ વેલાભાઈ જાતે ગમારા (ભરવાડ) રહે.પીપળજ ગામ હનુમાનજીના મંદિર સામે વાઘરીવાસ નારોલ અમદાવાદ શહેર મુળ વતન.ગામ.કારોલ તા.ચુડા જી.સુરેન્દ્રનગરનાનો દેવ હોટલ પાસે ઉભેલ છે." જે બાતમી હકિકત આધારે તપાસ કરતાં ઉપરોકત વોન્ટેડ આરોપી આજરોજ તા.૨૪/૦૮/૨૦૨૦ ના રોજ મળી આવતાં આરોપીની પુછપરછ કરતાં ગુનાનો એકરાર કરતો હોય પરંતુ હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસ વૈશ્વિક મહામારી અનુસંધાને નામદાર કોર્ટની ગાઇડલાઇન મુજબ પ્રથમ આરોપીની કોરોના અંગેની સારવાર કરાવવી જરૂરી હોય જેથી આરોપીની સિવિલ હોસ્પિટલ ખાતે કોરોના અંગેની સારવાર કરાવવા મોકલી આપી વોન્ટેડ આરોપીને પકડી પાડી ખુબ જ સારી અને પ્રશંસનીય કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

પો.સબ.ઈન્સ જે.એસ.ચૌધરી સાહેબ તથા મ.સ.ઈ.નેભાભાઈ મેરામણભાઈ બ.નં.૭૮૦૭ અ.પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા અ.પો.કો.જગમાલભાઈ વાલાભાઈ બ.નં.૬૧૯૩

આરોપીનો ફોટો :-



## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## મર્ડર તેમજ લુંટ જેવા ગંભીર ગુન્હાઓમા છેલ્લા આઠેક માસથી નાસતા-ફરતા મુખ્ય આરોપીઓ જે ઉત્તરપ્રદેશ થી કોઇ ગુનાહીત ઇરાદે ગુજરાતમા આવતા પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

આરોપીઓના નામ સરનામા

(૧) ઓમકિશોર ઉર્ફે રિંકુ શીવકુમાર પરિહાર ઉ.વ-૨૦ રહે-કુંભાજીની ચાલી શંકરભગવાનની લાઇન રામેશ્વર બ્રીજ નીચે મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ-ફિડોરા તા-શાહીપુરા જીલ્લો-આગ્રા (ઉત્તર પ્રદેશ)

(૨) રવિકાંત ઉર્ફે રવિ ઉર્ફે લુટેરા સુરેશસિંગ બઘેલ ઉ.વ-૨૩ રહે-આંબેડકરનગર ગલી નં-૧ પ્રેમનગર પાસે મેમ્કો શહેર કોટડા અમદાવાદ શહેર મુળ વતન ગામ-બુધારા તા-જીલ્લો- મૌરેના ભીંડ (મધ્ય પ્રદેશ)

આરોપીઓનો ગુનાહીત ઇતિહાસ

અગાઉ બંને આરોપીઓ વિરુદ્ધમાં મેઘાણીનગર તેમજ શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં ખૂનની કોશિશ, લૂંટ, મારામારી, ચોરી વગેરે જેવા નીચે મુજબના ગુન્હાઓ નોંધાયેલ છે*

ઓમકિશોર ઉર્ફે રિંકુ શીવકુમાર પરિહાર

(૧) મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ પાર્ટ-૧૪૬/૨૦૧૮ ઇ.પી.કો કલમ-૩૦૭,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ

(૨) મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ પાર્ટ-૧૦૯/૨૦૧૯ ઇ.પી.કો કલમ-૩૯૨,૩૨૩,૫૦૬(૧);૧૧૪ મુજબ

(૩) મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ પાર્ટ-૧૩૧/૨૦૧૯ ઇ.પી.કો કલમ-૩૨૪,૩૨૩,૨૯૪(ખ), જી.પી એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ

(૪) મેઘાણીનગર પોલીસ સ્ટેશન સેકન્ડ પાર્ટ-૨૧૪/૨૦૧૯ જી.પી એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ

(૫) મેઘાણીનગર પોલીસ સ્ટેશન સેકન્ડ પાર્ટ-૨૭૫/૨૦૧૯ જી.પી એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ

(૬)મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૩૨૦૦૧૨૮/૨૦૨૦ ઇ.પી.કો કલમ-૩૯૪,૩૨૬,૫૦૬(૨),૪૨૭,૨૯૪(ખ), જી.પી એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ

## <u>રવિકાંત ઉર્ફે રવિ ઉર્ફે લુટેરા સુરેશસિંગ બઘેલ</u>

(૧) શહેર કોટડા પોલીસ સ્ટેશન ફસ્ટ પાર્ટ-૧૩૩/૨૦૧૬ ઇ.પી.કો કલમ-૩૮૦,૪૫૪,૪૫૭ મુજબ

(૨) મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ પાર્ટ-૨૨/૨૦૧૭ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ

(૩) શહેર કોટડા પોલીસ સ્ટેશન ફસ્ટ પાર્ટ-૩૦/૨૦૧૭ ઇ.પી.કો કલમ-૩૯૨,૧૧૪ મુજબ

(૪) શહેર કોટડા પોલીસ સ્ટેશન ફસ્ટ પાર્ટ-૩૧/૨૦૧૭ ઇ.પી.કો કલમ-૩૯૪,૩૯૨,૧૧૪ મુજબ

(૫) શહેર કોટડા પોલીસ સ્ટેશન ફસ્ટ પાર્ટ-૩૨/૨૦૧૭ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ

(૬) શહેર કોટડા પોલીસ સ્ટેશન ફસ્ટ પાર્ટ-૩૪/૨૦૧૭ ઇ.પી.કો કલમ-૩૮૦,૪૫૭,૧૧૪ મુજબ

(૭) મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ પાર્ટ-૧૪૬/૨૦૧૮ ઇ.પી.કો કલમ-૩૦૭,૨૯૪(ખ),૧૧૪ જી.પી એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ

(૮)મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૩૨૦૦૧૨૮/૨૦૨૦ ઇ.પી.કો કલમ-૩૯૪,૩૨૬,૫૦૬(૨), ૪૨૭, ૨૯૪(ખ), જી.પી એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :

પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ અચલ ત્યાગી સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર આઈ ડીવીઝન એન.એલ.દેસાઈ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા ઓઢવ પોલીસ સ્ટેશન નાઓએ જુગારના કેસ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે તા-૨૩/૦૮/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસો ઓઢવ પો. સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા અને અ.લો.ર. હરપાલસિંહ રઘુવીરસિંહ બ.નં-૧૧૭૦૦ નાઓને મળેલ બાતમી હકીકતના આધારે તા.૨૩/૦૮/૨૦૨૦ ના કલાક ૨૨/૦૦ વાગે ઓઢવ ઈન્ડીયન ઓઈલ પેટ્રોલપંપની સામે પાટીદાર શો મીલ પાસે જાહેરમાથી ચાર ઈસમોને મુદ્દામાલ સાથે પકડી લઈ મુદ્દામાલ કબ્જે કરી ગુનો રજીસ્ટર કરી સ્થાનીક પોલીસ સ્ટેશનમા વિસ્તારમાથી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૨૩/૦૮/૨૦૨૦

ગુ.ર.નં.-ઓઢવ પો. સ્ટે. પાર્ટ બી/૧૧૧૯૧૦૩૭૨૦૦૯૬૦/૨૦૨૦ ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબ

આરોપી-કૌશીકભાઈ સ/ઓ પ્રહલાદભાઈ ગોવીંદભાઈ પટેલ ઉ.વ.-૩૯ રહે.મ.ન.-૧૬ ગોપાલચરણ બગ્લોઝ અર્પણ વિધ્યાલ પાસે વસ્ત્રાલ રામોલ અમદાવાદ શહેર તથા બીજા ત્રણ કુલ ચાર.

મુદ્દામાલ- ગંજી પાના નંગ-૫૨ કી. રૂ.-00/00 તથા રોકડા નાણા રૂ.-૧૨૫૮૦/-

કામગીરી કરનાર-

૧- પો.સબ ઈન્સ. આર.એ.ઝાલા
૨- મ.સ.ઈ. પરથીભાઇ પુરાભાઈ બ.નં.-૧૩૫૨૭
૩-અ.લો.ર. પરિમલ મોહનભાઈ બ.નં-૧૨૯૬૨
૪-અ.લો.ર. નીકુંજકુમાર ભીમરાવ બ.ન.-૬૩૦

# પાસા અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " એફ " ડીવીઝન, અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન સંબંધી ગુનાઓની પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા સારુ ચુસ્તપણે સુચન કરેલ હોય તેમજ આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી એ.કે.પટેલ નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં દારુ સંબંધી આરોપી આશીક અનવરહુસેન જાતે-અજમેરી ઉ.વ.૩૧ રહે.મ.નં-૪૦૧ શાહપુર મીલ કમ્પાઉન્ડ,કુલઘર સ્કૂલ ની સામે અંબીકા ભુવન મીલ કંમ્પાઉન્ડ અમદાવાદ શહેર વિરુદ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૭૨૪/ ૨૦૨૦ તા.૨૪/૦૮/૨૦૨૦ ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૨૪/૦૮/૨૦૨૦ ના કલાક:૨૦/૪૫ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ,લાજપોર સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે. તા.૨૪/૦૮/૨૦૨૦

આરોપીનું નામ: આશીક અનવરહુસેન જાતે-અજમેરી ઉ.વ.૩૧ રહે.મ.નં-૪૦૧ શાહપુર મીલ કમ્પાઉન્ડ,કુલઘર સ્કૂલ ની સામે અંબીકા ભુવન મીલ કંમ્પાઉન્ડ અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

(૧) પો.સ.ઈન્સ આર. પી. ડાભી તથા સર્વલન્સ ટીમના માણસો

(૨) ASI વિરેન્દ્રસિંહ મકુભા બ.નં.૭૬૯૮

(3) WLRD નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪

(૪) LRD. પરેશકુમાર અણદાસભાઇ.બ.નં.૧૧૮૫૩

## નારોલ પોલીસ સ્ટેશન

## ઇંગ્લીશ દારૂની હેરાફેરીમાં સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી સુરત જેલ મોકલી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી વિક્રમસિંહ ઉર્ફે લાલાભાઇ ભુપતસિંહ જાતે ડાભી ઉ.વ ૩૮ રહે.૭૯ તીર્થભુમી સોસાયટી નારોલ જુની કોર્ટ સામે નારોલ અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૭૨૫/૨૦૨૦ તા.૨૪/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાતીને તા.૨૫/૦૮/૨૦૨૦ ના કલાક – ૧૨/૦૦ બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે લાજપોર સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા. ૨૫/૦૮/૨૦૨૦

## સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :

પો. ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે.

પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦

આરોપીનો ફોટો :-



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૮૪૪ લીટર દેશી દારૂ અને ૫૭ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૯૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૭/૨૦૨૦**

**માધવપુરાઃ** વિનોદભાઇ મણીલાલ બારોટ (ઉ.વ.૬૪) (રહે. પરબડીની પોળ હલીમની ખડકી પાસે શાહપુર) એ તા.૨૪/૦૮/૨૦૨૦ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૦/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન માધવપુરા દરિયાપુર દરવાજા બહાર વિનોદ ચેમ્બર્સ નંબર ૫૦૧/૫૦૨/૫૦૩ અંબીકા એક્સપોર્ટ નામની ઓફિસ ખાતેથી આરોપી (૧) વેરાયટી ટ્રેડીંગ કંપનીના માલીક રીષીત આર પટેલ (ઠેકાણુ ઇ/૧૬ સિધ્ધી વિનાયક ટાવર કટારીયા આર્ક ટ્રેડની બાજુમા એસ.જી.રોડ મકરબા સરખેજ) અને (૨) દર્શન ભરતભાઇ કોઠારી (રહે.કેવલ ફ્લેટ જલારામ મંદિર પાસે પાલડી) એ ભેગા મળી રૂપિયા ૬૯,૩૫,૦૮૮/- ની ચા પત્તી મેળવી લઈ નાણા નહી ચુકવી વિનોદભાઇ સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.દેસાઇ ચલાવે છે.

**ચાંદખેડાઃ** મનીષભાઈ હસમુખભાઈ રાઠોડ (ઉ.વ.૪૮) (રહે.રીડીયંસ રેસીડન્સી મોટેરા સ્ટેડીયમ ની બાજુમા ચાંદખેડા) એ તા.૨૪/૦૮/૨૦૨૦ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઈલ નંબર ૯૧૬૭૨૯૮૯૬૨ ના ધારક એસ.એમ.ફેસેલીટી સર્વીસીસના માલીક આરોપી પ્રવીણભાઇ (રહે.મુબઇ ભીવંડી) એ ગ્લોજના માલના એડવાન્સ પેટે ૧,૦૦,૦૦૦/- અને કોટક મહીંદ્રા બેંકમા RTGS ધ્વારા રૂપિયા ૯,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- મેળવી લઈ મનીષભાઇને ગ્લોજનો માલ નહી મોકલી વિશ્વાસઘાત છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૮/૨૦૨૦**

**રામોલઃ** અશ્વિનભાઇ નારાયણભાઇ હેડાઉ (રહે. મહાલક્ષ્મી એપાર્ટમેન્ટ સોનીની ચાલી ચાર રસ્તા) એ તા.૨૪/૦૮/૨૦૨૦ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૮/૨૦૨૦ બપોરના ૪/૦૦ થી તા.૨૩/૦૮/૨૦૨૦ સવારના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬૫,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.વાઘેલા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૯/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** સુરેશભાઇ ચુનીલાલ ઠક્કર (રહે. આઇ.સી.બી સીટી શ્રીનાથ એવન્યુ સામે વંદે માતરમ રોડ ગોતા) એ તા.૨૨/૦૮/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગે આઇ.સી.બી સીટી ના “જે બ્લોક” ના પાર્કીંગમાં પોતાની મારુતિ સુઝુકી વેગેનાર કાર નંબર જીજે ૦૧ કે.આર. ૮૨૩૩ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ સુરેશભાઈ ઠક્કરે તા.૨૪/૦૮/૨૦૨૦ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

**દિવાલ પડતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૦/૨૦૨૦**

**વટવાઃ** વટવા સઈદાભાઈની ચાલી ખાતે તા.૨૩/૦૮/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે વરસાદને કારણે ઘરની માટીની દીવાલ ધસી પડતા ઘરમાં રહેતા શાયરાબીબી વા/ઓ અબ્દુલસતાર મલેક (ઉ.વ.૫૫) દટાઈ જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૦૮/૨૦૨૦ સાજના ૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ. શ્રી વી.એમ.સાટીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૧/૨૦૨૦**

**માધવપુરાઃ** વિષ્ણુ દિનેશભાઈ રાઠોડ (ઉ.વ.૨૮) (રહે. શંકરપુરાની ચાલી શક્તિનગર ચાર રસ્તા પાસે મહેદીકુવા માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૨૦૨૦ બપોરના ૪/૫૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશભાઇ કાંતીલાલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી